નવ ગુજરાત સમય, પેજ - 02
તારીખ :- ૧૯/૦૨/૨૦૨૬.

# શહેરોમાં ₹200 કરોડના ખર્ચે સ્માર્ટ પાર્કિંગ, ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવાશે

**વિભાગના કુલ બજેટની 50 ટકા રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવવામાં આવી**

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે બજેટમાં ₹33504 કરોડની જોગવાઈ

**નવગુજરાત સમય** > અમદાવાદ

ગુજરાત સરકારના બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂ. 33504 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં શહેરી વિસ્તારના પરિવહનને વધુ સુદૃઢ બનાવવા માટે સ્માર્ટ પાર્કિંગ તથા ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ માટે રૂ. 200 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત, ઔડા વિસ્તાર માટે પેરી અર્બન લિવેબિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત બાહ્ય ભંડોળ માટે રૂ. 800 કરોડ ફાળવવાનું આયોજન કરાયું છે. વિભાગ માટે ફાળવાયેલા બજેટના લગભગ 50 ટકા બજેટ શહેરી માળખાગત સુવિધાઓ માટેની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે રાખવામાં આવ્યું છે. બજેટમાં તેની રૂ. 16116 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની સહાયઃ **3354** કરોડ.
- અમદાવાદ-સુરત મેટ્રો વિસ્તરણ સહિત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ. **2217** કરોડ.
- અમૃત મિશન હેઠળ પાણી, ડ્રેનેજ, તળાવોનો વિકાસ અને પરિવહન માટે રૂ. **1900** કરોડ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ પૂરા પાડવા રૂ. **1420** કરોડ.
- શહેરી વિસ્તારોને રેલ્વે ક્રોસિંગ મુક્ત બનાવવાના ઓવર બ્રિજ-અંડર બ્રિજ બનાવવા માટે રૂ. **350** કરોડ.
- ઝીરો વેસ્ટ શહેરો-નિર્મળ ગુજરાત અને પિન્ક ટોઇલેટ માટે રૂ. **329** કરોડ.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સુવિધાઓના વિકાસ માટે રૂ. **236** કરોડ.
- **12** કોર્પોરેશનોમાં ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર સ્થાપવા રૂ. **180** કરોડ.
- મહાનગરપાલિકામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ અને ફ્લાયઓવર નીચે સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા રૂ. **150** કરોડ.
- લોથલ-અંબાજીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન અપાવવા સુવિધાઓના વિકાસ માટે રૂ. **147** કરોડ.
- ભાવનગર, રાજકોટ, જામનગર અને જૂનાગઢમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ. **100** કરોડ.
- SG હાઇવેને ગ્રીન હાઇવે તરીકે વિકસાવવા રૂ. **100** કરોડ ફાળવવામાં આવ્યા.
- મિશન ડેઈલી વોટર સપ્લાય અને જીવન ધારા યોજના અંતર્ગત રૂ. **100** કરોડ.
- **24** નવા સબ મોડેલ ફાયર સ્ટેશન તથા ગુજરાત સ્ટેટ ફાયર એકેડમી શરૂ કરવા રૂ. **50** કરોડ.
- નમો સ્વદેશી અર્બન મોલ અને સ્વદેશી મેળાઓ યોજવા માટે રૂ. **45** કરોડ.
- ગિફ્ટ સિટીમાં સુવિધાનો વિકાસ : રૂ. **45** કરોડ